


# ગાંધીનગર કલ્ચરલ ફોરમની નવરાત્રીમાં ૧૫૫૧ ફૂટ લાંબા રાષ્ટ્રધ્વજ સાથે તિરંગા શૌર્ય મહાયાત્રા

**નવમા નોરતે શિક્ષણ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ કલ્ચરલ ફોરમના ગરબા માણ્યા : બેસ્ટ પર્ફોર્મન્સ પ્રિન્સેસ તરીકે જીલ જોશી અને પ્રિન્સ તરીકે હિતેન્દ્રસિંહ ઠાકુર વિજેતા થયા**





ગાંધીનગર, તા.૫

ગાંધીનગર કલ્ચરલ ફોરમની નવલી નવરાત્રીમાં નવમા નોરતે હજ્જારો ખેલૈયાઓ અને પ્રેક્ષકોએ તિરંગા શૌર્ય મહાયાત્રા કાઢી હતી. રાષ્ટ્ર પ્રત્યે પોતાની ફરજો અને કર્તવ્ય પાલનની પ્રતિબધ્ધતા સાથે ખેલૈયાઓએ રાષ્ટ્રધ્વજને માથે લઈને જીસીએફ ગ્રાઉન્ડ ફરતે ૧૫૫૧ ફૂટ લાંબો રાષ્ટ્રધ્વજ ગૌરવભેર લહેરાવ્યો હતો. રાધે રાધે પરિવારના સહયોગથી યોજાયેલી તિરંગા શૌર્ય મહાયાત્રા ઉપસ્થિત માનવમેદની માટે અવિસ્મરણીય અનુભૂતિ બની રહી હતી.

ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, ભારતીય જનતા પાર્ટીના ગાંધીનગરના પ્રમુખ શ્રી રુચિર ભટ્ટ, ગાંધીનગર જિલ્લાના સરકારી વકીલ શ્રી હિતેશભાઈ રાવલ, ગાંધીનગરની મધુર ડેરીના ચેરમેન શ્રી શંકરસિંહજી રાણા, પૂર્વ સનદી અધિકારી શ્રી વી. એસ. ગઢવી અને અન્ય મહાનુભાવોએ નવમા નોરતે ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા માણ્યા હતા. ગાંધીનગર કલ્ચર ફોરમના નવરાત્રી મહોત્સવમાં છેલ્લા નવમા નોરતે મા નવદુર્ગાની ભક્તિનું પર્વ દેશભક્તિનું પર્વ પણ બની રહ્યું. નવરાત્રીના છેલ્લા નોરતે ગાંધીનગર કલ્ચરલ ફોરમના જીસીએફ ગ્રાઉન્ડમાં રાધે રાધે પરિવારના સહયોગથી તિરંગા શૌર્ય મહાયાત્રાનું આયોજન કરાયું હતું. ઉપસ્થિત હજ્જારો ખેલૈયાઓ અને લોકોએ રાષ્ટ્રધ્વજ માથે લઈને દેશ પ્રત્યેના પોતાના કર્તવ્ય અને ફરજોના પાલનની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી. ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાન્તભાઈ જહાએ ઉપસ્થિત મેદની સાથે 'વંદે માતરમ' ના નારા લગાવ્યા હતા. રાધે રાધે પરિવારના શ્રી તન્મયભાઈ પટેલ અને શ્રી રાહુલભાઈ સુખડિયા તથા તેમની ટીમને સૌએ અભિનંદન પાઠવ્યા હતા.

ગાંધીનગર કલ્ચર ફોરમની નવરાત્રીમાં છેલ્લા નોરતે ગુજરાતના સુપ્રસિદ્ધ ગાયિકા દર્શના ગાંધી ઠક્કરે રાસ ગરબાની રમઝટ બોલાવી હતી. એકએકથી ચઢિયાતા, વૈવિધ્યસભર, પરંપરાગત ગરબા સાંભળીને ખેલૈયાઓની સાથોસાથ પ્રેક્ષકો પણ મંત્રમુગ્ધ થયા હતા.





દશેરાના દિવસે શસ્ત્રપૂજાનું મહત્વ છે ત્યારે સે-૧૨માં રાજપૂત ભવન ખાતે શસ્ત્રપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો તો ગાંધીનગર જિલ્લા પોલીસ વડા કચેરી ખાતે એસપી તરુણ દુગ્ગલ દ્વારા શસ્ત્રપૂજા કરાઈ હતી જયારે અખબાર ભવન સે-૧૧ ખાતે ભારત રક્ષા મંચ દ્વારા પણ શસ્ત્રપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.

# શહેર-જિલ્લામાં પ્રિકોશન ડોઝ અંતર્ગત ૪૫ ટકા લોકોને જ આવરી શકાયા

**શહેરમાં ૮ અને ગ્રામ્યમાં ૫૧ લોકોને અભિયાન અંતર્ગત આવરી લેવાયા**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાના શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના પ્રિકોશન ડોઝની કામગીરી અત્યંત નબળી રહી છે. શહેર જિલ્લામાં સરેરાશ ૪૫ ટકા જ લોકોને અત્યાર સુધી આ અભિયાન અંતર્ગત આવરી શક્યુ છે.

પ્રિકોશન ડોઝની નબળી કામગીરીને લઈ તંત્ર પણ ચિંતાતુર બન્યુ છે. આઝાદી કા અમૃત મહોત્સવ પર્વને લઈ સરકારે ૭૫ દિવસ સુધી મફત વેક્સિનેશનની જાહેરાત કરી છે પણ લોકોની ઉદાસીનતાએ હવે ચિંતા જગાવી છે.

શહેરમાં ૪૫ ટકાની આસપાસ અને ગ્રામ્ય વિસ્તારમાં ૫૫ ટકા લોકોને આ વેક્સિનેશન અભિયાન અંતર્ગત આવરી શકાયા છે. લોકો વેક્સિનેશન માટે જાગૃત બને તે માટે તંત્રએ એસ.એમ.એસ. કરવા ઉપરાંત સોશ્યલ મિડિયાના માધ્યમનો ઉપયોગ શરૂ કર્યો છે.

શહેર-જિલ્લામાં આજે માત્ર ૫૯ લોકોને જ આવરી શકાયા હતા. જેમાં શહેરમાં ૮ લોકોને અને ગાંધીનગર જિલ્લાના ગ્રામ્યવિસ્તારમાં ૫૧ લોકોને આવરી શકાયા હતા. શહેર-જિલ્લામાં પર્વો અને ઉત્સવોની ઉજવણીમાં વ્યસ્ત બનેલા લોકો જે રીતે ઉદાસીનતા દાખવી રહ્યા છે તેથી તંત્રની ચિંતા વધી છે. શહેર-જિલ્લામાં કોરોનાની નવી લ્હેરમાં ૩ હજારથી વધુ કેસ નોંધાયા છે. જો કે વેક્સિનેશનને કારણે કોરોનાના હળવા લક્ષણો જણાયા છે.

**ઉદ્યોગોને આત્મનિર્ભરતા માટે સહાય**

# ધ આત્મનિર્ભર ગુજરાત સ્કીમ્સ ફોર આસી. ટુ ઈન્ડસ્ટ્રીઝ જાહેર કરતા મુખ્યમંત્રી

**આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત''ની દિશામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતનું એક આગવું કદમ : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલા આત્મનિર્ભર ભારતના કોલને સાકાર કરવા ગુજરાત પ્રતિબદ્ધ**




વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવા અવસરે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત આત્મનિર્ભર ભારતનું આહવાન કર્યુ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતે આ આહવાન ઝિલી લઈને આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા એક મહત્વપૂર્ણ યોજના-સ્કીમ જાહેર કરી છે. ઉદ્યોગોને આત્મનિર્ભરતા માટે સહાયની આ ''ધ આત્મનિર્ભર ગુજરાત સ્કીમ્સ ફોર આસીસ્ટન્સ ટુ ઈન્ડસ્ટ્રીઝ'' મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉદ્યોગ રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતીમાં જાહેર કરી હતી. વડાપ્રધાનએ આગામી ૨૦૪૭માં દેશ આઝાદીની શતાબ્દી મનાવે ત્યાં સુધીમાં આત્મનિર્ભર ભારતનો કોલ સાકાર કરવાનું વિઝન આપ્યું છે. તેમણે આયાત પર નિર્ભરતા ઘટાડવા સાથે ઊર્જા સ્વનિર્ભરતા વધારવાનો અને કોરોના મહામારી પછીના સમયમાંથી વિશ્વ બહાર આવી રહ્યું છે ત્યારે ગ્લોબલ સપ્લાય ચેઈનમાં ભારતનું વ્યૂહાત્મક સ્થાન બનાવવાનો ધ્યેય રાખ્યો છે. વડાપ્રધાનના દિશા દર્શનમાં ભારત વિશ્વમાં સૌથી વધુ ઝડપથી વિકસતા અર્થતંત્ર તરીકે ઉભરી આવ્યું છે. આ તકનો લાભ લઈને ગુજરાત પણ ઉદ્યોગોને આકર્ષી સ્થાનિક ઉત્પાદનોને સહયોગ પૂરો પાડીને રોજગાર અને મેન્યૂફેકચરીંગ ક્ષેત્રોમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરે તેવો આ સ્કીમ્સનો મૂળ આશય છે. મુખ્યમંત્રીએ આ મહત્વાકાંક્ષી યોજના અંગેની વિસ્તૃત વિગતો આપતાં કહ્યું કે, ગુજરાત ઊદ્યમીતા અને ઉદ્યોગ સાહસિકતાની ભૂમિ છે. દેશનું મેન્યૂફેકચરીંગ હબ છે. ગુજરાત આવી અપાર ક્ષમતાઓને પરિણામે વડાપ્રધાનના આત્મનિર્ભર ભારત વિઝનને સાકાર કરવામાં આત્મનિર્ભર ગુજરાતથી લીડ લેવા સજ્જ છે. મુખ્યમંત્રીએ વધુમાં ઉમેર્યુ કે, આ વિઝનને પાર પાડવા આવનારા વર્ષોમાં દેશમાં વ્યૂહાત્મક અને થ્રસ્ટ એરિયાના ઉદ્યોગો, ઈન્ડસ્ટ્રીઝને જે વિશેષ સહાય-મદદ આવશ્યક છે તે પુરી પાડવામાં આ સ્કીમ્સ ઉપયુકત બનશે. વડાપ્રધાનએ કોપ-૨૬ Cop-૨૬ સમિટમાં 'પંચામૃત'નો વિચાર આપ્યો છે.



સરગાસણ ખાતેની શ્રીરંગ પાર્ક સોસાયટીના રહીશોએ નવરાત્રીના પાંચમા દિવસે માતાજીની આરતીમાં ગાંધીનગર સમાચારના લેખક સતીષ ચારણ અને તેમના ધર્મપત્ની ઉપરાંત સામાજિક અગ્રણી અશોકભાઈ પ્રજાપતિ અને તેમના કુટુંબીજનો, પ્રમુખ, ભૂતપૂર્વ પ્રમુખ ભાગ લીધો હતો. સર્વે રહીશો અલગ અલગ વેષભૂષામાં માતાજીના ગરબે ઘુમ્યા હતા.

# મહિલા સશક્તિકરણ ક્ષેત્રે ગુજરાતનો વિકાસ કરતી ડબલ એન્જિન સરકાર

- મહિલાઓને આત્મનિર્ભર બનાવવા માટે સ્વાસ્થ્ય, શિક્ષા અને સુરક્ષા એમ ત્રિસ્તરીય અભિગમ અપનાવ્યો છે



- મહિલાઓના સશક્તિકરણ માટે ગુજરાત સરકારે જેન્ડર બજેટ તૈયાર કરી ૮૯૧ જેટલી મહિલા લક્ષી યોજનાઓ



કાર્યાન્વિત કરી છે, કુલ ૧૭૮ જેટલી યોજનાઓ માત્રને માત્ર મહિલાલક્ષી અમલમાં મુકવામાં આવી છે. આ યોજનાઓના અમલ માટે કુલ રૂપિયા ૮૯,૩૩૭.૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

- આજે રાજ્યમાં ૫૨ ટકા મહિલાઓને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં પ્રતિનિધિત્વ મળ્યુંછે.
- ૧૧.૬૬ લાખથી વધુ ગંગાસ્વરૂપા મહિલાઓને આર્થિક સહાય
- ૯ લાખ જેટલા વૃદ્ધ નાગરિકોને પેન્શન
- ૧ લાખ૩૦ હજાર દિવ્યાંગોને આર્થિક સહાય
- આંગણવાડીની સંખ્યા ૬૦૦૦થી વધીને ૫૩૦૦૦ થઈ
- દર વર્ષે ૩૨લાખથી વધુ સગર્ભા અને ધાત્રી માતાઓ, બાળકો તેમ જ કિશોરીઓને ટેક-હોમ રાશન દ્વારા પૂરક પોષણ
- રાજ્યમાં ૧૮ હજાર ૫૦૦ જેટલી દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ છે, જેમાંથી ૫ હજાર ૬૩૪ મહિલા દૂધ ઉત્પાદક મંડળીઓ છે. ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓમાં કુલ ૩૬ લાખ જેટલા સભાસદો છે, જેમાં ૧૧ લાખ ૬૦ હજાર મહિલાસ ભાસદો છે. આમ મહિલાઓનું ગ્રામિણ અર્થતંત્રમાં મોટુ યોગદાન છે.
- ગામડાઓમાં પાણી સમિતિમાં મહિલાઓને સ્થાન આપવામાં આવ્યું છે.
- વનમંડળીઓમાં મહિલાઓ પોતાનું યોગદાન આપી રહી છે.
- પોલીસમાં ૩૩ ટકા મહિલા અનામત
- મિશન મંગલમ હેઠળ રાજ્યમાં ૧.૫૦ લાખથી વધુ સખી મંડળો કાર્યરત છે. જેમને રાજ્ય સરકાર રીવોલ્વીંગ ફંડ આપે છે અને વિવિધ મેળાઓ દ્વારા તેમના ઉત્પાદનો માટે માર્કટ પૂરૂ પાડે છે.
- રાજ્યમાં મહિલાના નામે મિલકતની નોંધણી થાય તો તેમાં લેવાતી ફી માં માફી અપાય છે.
- પ્રધાનમંત્રી આવાસ યોજનામાં પણ મહિલાઓને પ્રાધાન્ય અપાય છે.
- સુકન્યા સમૃદ્ધિ યોજના - સ્ત્રી સંતાનના માતા કે પિતા તેના ઉચ્ચ અભ્યાસ અને ઉજ્જવળ ભવિષ્ય માટે નાના પાયે માસિક બચત કરી શકે તે માટે આ મહત્વાકાંક્ષી યોજના અમલી બનાવાઈ છે. ગુજરાતમાં ૧,૧૮,૯૭૨ સુકન્યા સમૃદ્ધિ ખાતા ખોલવામાં આવ્યા છે જેમાં અંદાજીત ૫કરોડ ૫૫લાખ રૂપીયા જમા કરવામાં આવ્યાછે.
- મહિલાઓનું માતૃત્વ સુખમય બની રહે તે માટે દેશની મહિલાઓ માટે ૬ મહિનાની પગાર સાથેની મેટરનીટી લીવને મંજૂરી આપવામાં આવી છે. જેનો લાભ રાજ્યની થઈ રહ્યો છે. તમામ વર્કીંગ વુમનને

## ● મુખ્યમંત્રી માતૃ શક્તિ યોજના

- રાજ્યની ગર્ભવતી અને ધાત્રીમાતાઓને૧ હજાર દિવસ સુધી વિના મૂલ્યે એક કિલો તુવેરદાળ, બે કિલો ચણા અને એક લીટર ખાદ્ય તેલ દર મહિને આપવામાં આવી રહ્યું છે.
- આ યોજના માટે રાજ્ય સરકાર વર્ષે ૮૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે.
- હાલમાં જ વડોદરાથી ગુજરાત ગૌરવ કાર્યક્રમ હેઠળ વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ આ યોજનાનો રાજ્ય વ્યાપી પ્રારંભ કરાવ્યો છે. ગુજરાતના ભવિષ્યને સ્વસ્થ અને સક્ષમ




- બનાવવા માટે આ યોજના ગુજરાતના ભવિષ્ય માટે પાયારૂપ બની રહેવાની છે.

## ● મિશન ઇન્દ્રધનુષ

- ગર્ભવતી મહિલા અને બાળક બે વર્ષનું થાય ત્યાં સુધીમાં તેને રસીઓ આપીને સુરક્ષિત કરવાના લક્ષ્ય સાથે મિશન ઈન્દ્રધનુષ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે.
- અત્યાર સુધી મિશન ઈન્દ્રધનુષ અંતર્ગત કુલ ૧૧ ફેઝનું સફળ આયોજન કરવામાં આવ્યું છે.
- રાજ્યના કુલ ૮,૮૦,૮૦૪ બાળકો અને ૨,૦૫,૮૫૯ સગર્ભા સ્ત્રીઓને ૧,૯૪,૦૦૩ વધારાના રસીકરણ/મમતા સેશનનું આયોજન કરી રસીકરણ સેવાઓ અંતર્ગત આવરી લેવામાં આવેલ છે.
- મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા રાજયમાં તમામ જિલ્લા અને શહેરોના કુલ ૪૮૦ પોલીસ સ્ટેશનમાં ૫૮૫ શી-ટીમ કાર્યરત છે, જેમાં ૩૦૮૭ પોલીસ કર્મચારી અને અધિકારીઓ કાર્યરત છે.
- માતા બહેન દીકરીઓ માટે તો ખાસ ૧૦૯૧ મહિલા હેલ્પલાઈન, ૧૮૧ અભયમ્ હેલ્પલાઈન, ગરીમા પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યા છે. દીકરીઓને સુરક્ષા સેતુ હેઠળ સ્વબચાવની તાલીમ પણ અપાય છે.